ગુજરાતમિત્ર
# શો ટાઈમ
ગુરુવાર ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬



યશજીનો છેલ્લો રોમાન્સ અને એક અધૂરું ગીત! Pg.2



હું સ્ક્રીન પર સંઘર્ષ ઈચ્છું છું, વાસ્તવિક જીવનમાં નહીં: પંકજ ત્રિપાઠી Pg.4

# કેટરીનાના ટ્રોલર્સ સામે ટાઈગરની દહાડ...

# સલમાન અભી ઝિંદા હૈ




બોલિવૂડમાં સલમાન ખાનનું નામ ભલે કોન્ટ્રોવર્સીઝ સાથે જોડાયેલું રહ્યું છે, પરંતુ તે આજે પણ પર્સનલ લેવલ પર એટલી જ ઉમદા અને ઉદાર વ્યક્તિ છે. અંગત જીવનમાં ભલે તેના લવ રિલેશન કોઈ ન ટક્યા હોય, પરંતુ એક મિત્ર તરીકે તે પોતાનું શ્રેષ્ઠ આપે છે. કંઈ એમ જ સલમાન યારોં કા યાર કહેવાય છે? આ વિષે ગોવિંદાએ પણ સલમાન વિષે કહ્યું હતું કે, 'સલમાન ભલે સેટ પર મોડો આવતો હોય, પણ જો તમે મુશ્કેલીમાં હશો અને તમે તેને કોલ કરશો તો તે સમયસર મદદ માટે આવી જશે.' આમ, સલમાન દોસ્તી નિભાવવાની બાબતમાં હંમેશા આગળ રહે છે. આ વાતનું હાલમાં જ આપણને એક શ્રેષ્ઠ ઉદાહરણ મળ્યું છે. સલમાને સોશિયલ મીડિયા પર ચાલતા કેટરીનાના ટ્રોલિંગનો મુહતોડ જવાબ આપ્યો છે.

સોશિયલ મીડિયા પર, ટેલિવિઝન પર અને વળી ઑફલાઈન પણ એક જ ચર્ચા ચાલી રહી છે... 'જોયું તમે? ડિલિવરી પછી કેટરીના કૈફ કેટલી જાડી થઈ ગઈ છે!' દરેક વ્યક્તિ કેટરીનાના વધેલા વજનને લઈને તેને ટ્રોલ કરી રહ્યું છે. એક્ટ્રેસીસનું ઑનલાઈન ટ્રોલિંગ થવું એ કંઈ નવી વાત નથી, પરંતુ કેટરીના માટે જે રીતે બોલિવૂડના તેના કો-એક્ટર્સ અને મિત્રો તેની સપોર્ટમાં આવ્યા છે તે ખરેખર દાદ માંગી લે તેવું છે. તેમાંય વળી તેનો બચાવ સલમાન જ્યારે કરે ત્યારે કોઈ શું બોલી શકે? કેટરીનાના લગ્નને 5 વર્ષ થઈ ગયા છે, છતાં સલમાન અને કેટરીનાનો સંબંધ હજી પણ મજબૂત રહ્યો છે. જેવું સોશિયલ મીડિયા પર લોકોએ કેટરીનાને ટ્રોલ કરવાનું શરૂ કર્યું કે તરત તેનો ખાસ મિત્ર સલમાન તેની પડખે આવીને ઊભો રહી ગયો છે.






પોતાની સુંદરતા, હાર્ડવર્ક અને ડેડિકેશનથી આગળ વધવા માટે જાણીતી કેટરીના બોલિવૂડમાં ઘણી સફળ ફિલ્મો આપી હતી, કેટરીનાને 2010માં ધ ટાઈમ્સ ઑફ ઈન્ડિયા દ્વારા 'મોસ્ટ ડિઝાયરેબલ વુમન'નો અને 2011માં પીપલ્સ દ્વારા 'મોસ્ટ બ્યુટીફુલ વુમન'નો એવોર્ડ પણ મળ્યો છે. FHM [ફોર હિમ મેગેઝીન] દ્વારા 5 વાર 'વર્લ્ડ્સ સેક્સિયેસ્ટ વુમન'નો એવોર્ડ પણ મળ્યો છે. દર્શકોને કેટરીનાનું 'ચિકની ચમેલી...' ગીત તો યાદ જ હશે ને! તેની અદા, નજાકત અને સુંદરતાના લોકો દીવાના થઈ ગયા હતા. બોલિવૂડમાં જ્યારે કેટરીના સફળતાના શિખર પર હતી ત્યારે તેણે 2021માં વિકી કૌશલ સાથે લગ્ન કરી લીધા અને 7 નવેમ્બર, 2025ના રોજ તેણે પુત્રને જન્મ આપ્યો છે. કેટરીનાએ લગ્ન પછી ફિલ્મ્સમાંથી બ્રેક લીધો અને બાળકના જન્મ પછી પણ તે જાહેર જીવનમાં ભાગ્યે જ દેખાતી હતી. કેટરીનાને ડિલિવરી બાદ પ્રથમ વાર કુકુ કોહલીની અંતિમવિધિ વખતે જોવામાં આવી હતી, જેમાં તેનું વધેલું વજન જોઈને ઘણા સોશિયલ મીડિયા યુઝર્સે તેને ટ્રોલ કરી હતી. કેટલાકનું કહેવું હતું કે તે કેટલી જાડી થઈ ગઈ છે, તો કેટલાક કહેતા હતા કે હવે કેટરીનાની કારકિર્દી પૂરી થઈ ગઈ છે. તો વળી, કેટલાકે તો ઘણી અભદ્ર કમેન્ટ્સ પણ કરી. વળી, જ્યારે તે ગણપતિ વિસર્જન વખતે ફરી કેમેરા સામે આવી ત્યારે લોકોએ ફરી તેના પર બોડી શેમિંગને લગતી કમેન્ટ્સ કરવાનું શરૂ કરી દીધું.

કેટરીના સામે ઊભા થયેલા ટ્રોલિંગના વંટોળથી તેને બચાવવા બોલિવૂડના તેના કેટલાક કો-એક્ટર્સ આગળ આવ્યા છે, જેમ કે હૃતિક રોશન, અલી ઝફર તેમજ સ્વરા ભાસ્કર અને રાખી સાવંત. આ બધાએ કેટરીનાનો બચાવ કર્યો છે અને તેની સામે ચાલી રહેલા ટ્રોલિંગનો વિરોધ કર્યો છે. પરંતુ, આ બધામાં જ્યારે સલમાને કેટરીનાનો પક્ષ લીધો ત્યારે સોશિયલ મીડિયા પર માહોલ કંઈ અલગ જ બની ગયો. આ વાત તો સૌ કોઈ જાણે જ છે કે સલમાને બોલિવૂડમાં ઘણી અભિનેત્રીઓને આગળ આવવામાં સપોર્ટ કર્યો છે. તેમાંની એક અભિનેત્રી છે કેટરીના કૈફ. કેટરીનાની પહેલી ફિલ્મ બૂમ બોક્સ ઑફિસ પર સાવ નિષ્ફળ ગઈ હતી, પણ ત્યાર પછી સલમાન સાથે તેની મિત્રતા થઈ અને તેમણે મૈંને પ્યાર ક્યું કિયા ફિલ્મ સાથે કરી અને ત્યારથી કેટરીનાની કારકિર્દી ઝડપથી આગળ વધવા લાગી. આ સમય દરમિયાન એવી પણ વાત સાંભળવામાં આવતી હતી કે સલમાન અને કેટરીના એકબીજાને ડેટ કરી રહ્યા હતા. જોકે, આ વાત બંનેમાંથી એકેયે જાહેરમાં સ્વીકારી ન હતી. તેમણે એક થા ટાઈગર, ટાઈગર ઝિંદા હૈ અને ટાઈગર 3 જેવી સફળ ફિલ્મો આપી. પરંતુ ત્યાર બાદ તેમનું બ્રેકઅપ થઈ ગયું અને વર્ષ 2021માં કેટરીનાએ વિકી કૌશલ સાથે લગ્ન કરી લીધા. તેમ છતાં, સલમાન અને કેટરીના એકબીજા માટે સારા મિત્રો બની રહ્યા. આ વિષે કેટરીનાએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, સલમાન સાથે તમે ભલે મહિનાઓ સુધી વાત કરી ન હોય, પરંતુ જો તમે તકલીફમાં હશો તો તે તમારી પડખે તરત ઊભો રહી જશે. તે ઘણી ઉદાર વ્યક્તિ અને મારો સારો મિત્ર છે. સલમાનના પરિવાર સાથે પણ કેટરીનાનો સારો ઘરોબો છે અને તેઓ એકબીજાને મુશ્કેલીમાં હંમેશા મદદરૂપ થતા રહે છે.

હાલમાં જ્યારે કેટરીના વિષે બોડી શેમિંગ થઈ રહ્યું હતું ત્યારે તેનો જવાબ સલમાન તેના શો બિગ બોસ 20માં વીકેન્ડ કા વારમાં આપે છે. તે ટ્રોલર્સને સીધો સવાલ કરે છે કે, 'જેઓ પ્રેગ્નન્ટ થાય છે તે બધાનું વજન વધવું સ્વાભાવિક છે, તો તેમને શા માટે તમે ટ્રોલ કરો છો? જ્યારે તે ફિલ્મમાં પાછી આવશે ત્યારે ફરી ફિટ થઈ જશે. અત્યારે તેને પરિવાર સાથે સમય વિતાવવો છે, તો તે તેને એન્જોય કરવા દો.' જેવો સલમાનનો આ વીડિયો વાઈરલ થયો તે તરત કેટલાકે તેમને સચ્ચાઈ માટે અવાજ ઉઠાવનાર 'પુકી' કહ્યો, તો કેટલાકે તેને 'ગ્રીન ફ્લેગ મેન' કહ્યો. તો કેટલાક કેટરીનાના પતિ વિકી કૌશલની સામે આંગળી ચીંધે છે કે તેની પત્નીના બચાવમાં સલમાન ખાન બોલે છે, પણ હજી સુધી તે કશું બોલ્યો નથી. પરંતુ, સલમાને જે રીતે પોતાની વાત મજબુત રીતે મૂકી તે જોતા ચોક્કસ એવું થાય કે મિત્ર હોય તો સલમાન જેવો.

સલમાને અત્યાર સુધી જે-જે એક્ટ્રેસને સપોર્ટ કર્યો છે, તે બધા સાથે તેણે મિત્રતા નિભાવી રાખી છે. તેનું નામ ભલે વિવાદો સાથે જોડાયેલું રહેતું હોય, પણ તેની કોઈ પણ સ્ત્રી મિત્રએ તેના વિષે ક્યારેય ખરાબ વાત કરી નથી. તે બોલિવૂડનો એવો એક્ટર છે કે જેને દરેક વ્યક્તિ પ્રેમ કરે છે. રહી વાત સલમાન ખાન અને કેટરીનાની, તો સલમાનની જ ફિલ્મનો ડાયલોગ છે કે 'એક લડકા ઔર એક લડકી કભી દોસ્ત નહીં હો સકતે', પરંતુ આ બાબતમાં સલમાન અને કેટરીનાની દોસ્તી ખરેખર પ્રશંસનીય છે કે જેઓ એકબીજાના એક્સ હોવા છતાં દોસ્તી આટલી સારી રીતે નિભાવી જાણે છે. •

## ફોટોગ્રાફરે કરી રિતેશની મદદ



એક્ટર રિતેશ દેશમુખે તેનો એક વીડિયો શેર કર્યો છે કે જેમાં તેણે એક ફોટોગ્રાફરે કરેલી પૈસાની મદદ વિશે જણાવ્યું છે. સામાન્ય રીતે બોલિવૂડ એક્ટર્સ જ્યારે પણ રસ્તા પર નીકળે ત્યારે ફોટોગ્રાફર્સથી તેઓ ઘેરાઈ જાય છે. કેટલાક ફોટોગ્રાફર્સને કારણે તણાવમાં આવી જાય છે તો કેટલાકનો તેમની સાથે પ્રેમાળ સંબંધ રહ્યો છે. તેમનો એક રિતેશ દેશમુખ છે, રિતેશ જણાવે છે કે, 'જ્યારે હું એક રેસ્ટોરાંમાંથી બહાર નીકળતો હતો ત્યારે ત્યાં એક ફોટોગ્રાફર મારા ફોટોઝ લઈ રહ્યો હતો. બરાબર તે જ વખતે એક છોકરો મારી પાસે કંઈ વેચવા માટે આવ્યો કે જે 100 રૂપિયાનું હતું. તે સમયે મારી પાસે કેશ ન હતી. મારી પાસે ભાગ્યે જ કેશ હોય છે. એટલે મેં તે છોકરાને પૂછ્યું કે શું તે GPay સ્વીકારે છે? તેની પાસે એવી કોઈ સુવિધા ન હતી. આ સમયે તે ફોટોગ્રાફરે આગળ આવીને મને મદદ કરી હતી. તેણે 'હું આપું છું,' એમ કહીને તે છોકરાને 100 રૂપિયા આપી દીધા. તે સમયે મને તે ફોટોગ્રાફરનું નામ ખબર ન હતું, જે મને પછીથી ખબર પડી. તેનું નામ સુશીલ મોહિતે છે અને જો હું ખોટો હોઉં તો મહેરબાની કરીને મને માફ કરજો.' રિતેશે આ ઘટના પછી તે ફોટોગ્રાફર સાથે ફોટોઝ પણ પડાવ્યા.

ઘરે આવીને તેણે આ વાત પત્ની જેનિલિયાને પણ કરી અને તેઓ તે ફોટોગ્રાફરને પૈસા પાછા આપવા માંગતા હતા. તે માટે રિતેશે ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી મૂકી, જેનાથી તેને તે ફોટોગ્રાફર વિશે માહિતી મળી શકે. આખરે રિતેશને તે ફોટોગ્રાફર વિશે જાણકારી મળી ગઈ અને તેણે તેને 100 રૂપિયા પરત કરી દીધા.

પોતાના આ અનુભવ વિશે રિતેશ વધુમાં જણાવે છે કે, 'આપણને ઘણી વાર એવું લાગે છે કે ફોટોગ્રાફર્સ હંમેશા આપણા ફોટા પાડવા અને તણાવ ઊભો કરવા આવે છે. પરંતુ, વાસ્તવમાં એવું નથી હોતું. આપણી જરૂરિયાતના સમયે તેઓ આપણને મદદરૂપ પણ થાય છે.' ઘણા ઓછા એવા એક્ટર્સ હોય છે જેઓ ફોટોગ્રાફર્સની પ્રશંસા કરે છે અને તેમનો ફોટોગ્રાફર્સ સાથે સારો સંબંધ હોય છે. •

બોલિવ્લોગ વિથ પૅપ

## શું આલિયા parle - G સાથે ફ્રીમાં આવી?

હાલમાં આલિયા ભટ્ટે તેની બહેન શાહીન ભટ્ટ સાથેનો એક કિસ્સો આપણી સાથે શેર કર્યો છે. ખરેખર તો વાતની શરૂઆત આલિયા અને શાહીનની એમેઝોન પ્રાઈમ પર આવનારી ફિલ્મ 'ડોન્ટ બી શાય'માં વપરાતા પોપ્યુલર Gen-Zશબ્દોને લઈને થઈ હતી. શાહીન અને આલિયાને તેમના પ્રમોશનલ ઈવેન્ટમાં Gen-Z દ્વારા વપરાતા શબ્દોના અર્થ પૂછવામાં આવ્યા હતા અને તેમણે લગભગ બધા શબ્દોના સાચા અર્થ કહ્યા હતા.

આ ઈવેન્ટમાં જ્યારે આલિયાને 'રેજબેટ' શબ્દનો અર્થ પૂછવામાં આવ્યો ત્યારે તે સચોટ અર્થવાળો બીજો શબ્દ તો ન કહી શકી, પરંતુ તેને તેનો મતલબ બરાબર સમજાવ્યો. તે સમજાવવા માટે તેણે તેના અને શાહીનના બાળપણની એક વાત જણાવતાં કહ્યું, 'શાહીન બાળપણમાં મને પરેશાન કરવા જે કરતી હતી તેને રેજબેટ કહેવાય. તે મને કહેતી હતી કે હું મારા માતા-પિતાની બાયોલોજીકલ સંતાન નથી. આલિયા પાર્લે જી સાથે ફ્રીમાં આવી હતી.' આમ, શાહીન આલિયા સાથે રેજબેટ કરતી કહેવાય.



હાલમાં આલિયાએ પોતાની કારકિર્દીમાં ઘણી પ્રગતિ કરી છે. તે ફિલ્મ 'ડાર્લિંગ્સ'થી પ્રોડ્યુસર પણ બની અને તેણે હાલમાં જે ફિલ્મ રિલીઝ કરી છે તેમાં નવા ચહેરાઓને પણ તક આપી છે. તે આ વિશે વધુમાં કહે છે, '14 વર્ષ પહેલાં, મેં એક એક્ટર તરીકે શરૂઆત કરી હતી અને આજે હું મારી ફિલ્મ દ્વારા નવા ચહેરાઓને લોન્ચ કરી રહી છું.' આ ઉપરાંત, સંજય લીલા ભણસાલીની ફિલ્મ 'લવ ઍન્ડ વૉર'માં તે પતિ રણબીર કપૂર અને વિકી કૌશલ સાથે પણ જોવા મળશે. આલિયા અને શાહીનની ફિલ્મમાં આરુષી બજાજ, પીયૂષ ખાટી, બિયંકા અરોરા અને અંશ દુગ્ગલ મુખ્ય ભૂમિકામાં છે. •

## નીલમ અને સમીરનો ભૂતકાળ

ઘણા ઓછાને ખબર છે કે એક્ટર્સ સમીર સોની અને નીલમ કોઠારીએ લગ્ન કર્યા તે પહેલાં તેઓ બંને પોતાના ભૂતપૂર્વ પાર્ટનર સાથેના પીડાદાયક ડિવોર્સની પ્રક્રિયામાંથી પસાર થયા હતા. સમીરનાં લગ્ન પહેલાં મોડલ રાજલક્ષ્મી સાથે થયા હતા અને નીલમ કોઠારીનાં લગ્ન લંડન સ્થિત રિશી સેઠિયા સાથે થયા હતા. આ વિશે સમીર પોતાના અને નીલમના ડિવોર્સ અંગે યાદ કરતાં તે સમયની તેમની માનસિક સ્થિતિ વિશે વાત કરે છે. 'મને યાદ છે કે મારી પહેલી ફિલ્મ 'ચાઈના ગેટ' રિલીઝ થવાની હતી અને તે જ દિવસે હું મારા ડિવોર્સ માટે કોર્ટ ગયો હતો. તે દિવસ મારા માટે એવો પીડાદાયક હતો કે મને સમજ પડતી નહોતી કે ડિવોર્સ થાય છે તે માટે રડું કે ફિલ્મ રિલીઝ થઈ છે તે માટે ખુશ થાઉં. મારી પીડામાં વધારો ત્યારે થયો જ્યારે મારી પહેલી ફિલ્મમાં જ મારો રોલ કાપીને નાનો કરી દેવામાં આવ્યો હતો. આમ, મને તે ફિલ્મ મળ્યાનો કોઈ લાભ પણ મળ્યો નહોતો.'

બીજી બાજુ, નીલમ પણ તેના ડિવોર્સ થવાને કારણે બધાથી દૂર રહેવાનું પસંદ કરતી હતી. એક સ્ત્રી માટે પોતાનું બધું જ છોડીને આવવું અને નવી જિંદગીની શરૂઆત કરવી ઘણું અઘરું હોય છે. લોકો હંમેશા કોની ભૂલ હતી તે શોધવામાં અને દોષારોપણ કરવામાં માહિર હોય છે અને હું પોતાને માનસિક રીતે હિલ કરવા માંગતી હતી, કારણ કે હું અંદરથી તૂટી ગઈ હતી. હું ફેઈલ થઈ ગઈ છું એવો અનુભવ મને થતો હતો,' એમ નીલમ જણાવે છે. એકતા કપૂર અમારા બંનેની કોમન ફ્રેન્ડ હતી અને તેના થકી અમે પહેલી વાર મળ્યા. સમીર અને નીલમ જણાવે છે કે, 'અમે બંને ડિવોર્સની પીડામાંથી પસાર થયા હતા એટલે કોઈ નવો સંબંધ બનાવવામાં ડર લાગતો હતો. નાનો ઝઘડો પણ થાય તો અમે વિચારવા લાગતા કે શું અમારો સંબંધ ટકી શકશે? ડિવોર્સ તમારામાં એક પ્રકારનો ડર બેસાડી દે છે. કોઈ પણ નિર્ણય લેતા પહેલાં અમે ખાતરી કરી લેવા માંગતા હતા.'



લગભગ 5 વર્ષ સુધી એકબીજાને જાણ્યા બાદ નીલમ અને સમીર સોનીએ 2011માં લગ્ન કરી લીધાં. 2013માં તેમણે એક પુત્રી દત્તક લીધી, જેનું નામ આહના સોની રાખ્યું. સમીર અને નીલમે 'ધ ફેબ્યુલસ લાઈવ્સ ઓફ બોલીવુડ વાઈવ્સ' અને 'મેડ ઈન હેવન'માં સાથે સ્ક્રીન શેર કરી છે. •